ગાંધીનગર સમાચાર

દેશમાં ચોમાસું સામાન્ય રહેવાની આગાહી

નવી દિલ્હી,તા. ૧૭

દેશમાં આ વર્ષે સામાન્ય વરસાદ રહેવાની આગાહી કરવામાં આવતા ખેડુત સમુદાય અને કેન્દ્ર સરકારને રાહત થઈ છે. તાજેતરમાં કમોસમી વરસાદ અને કરા સાથે વરસાદના કારણે પાકને ભારે નુકસાન થયું છે. જો કે આ વર્ષે મોનસુન નોર્મલ રહેશે તેવી આગાહી ખાનગી હવાંમાન સંસ્થાએ કરી છે. અલનીનોની પ્રતિકુળ અસરને પણ ટાળી શકાશે. હવામાન અંગે આગાહી કરનાર ખાનગી સંસ્થા સ્કાયમેટ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫ માં આવનાર વરસાદી સિઝન અંગે પ્રથમ વખત આગાહી કરવામાં આવી છે. તેની પ્રથમ લોંગ રેંજ અગાહી ભારતના હવામાન વિભાગ દ્વારા સત્તાવારરીતે કરવામાં આવે તેના એક સપ્તાહ પહેલા આ આગાહી કરવામાં આવી છે. સ્કાયમેટે કહ્યું છે કે મોનસુન સિઝન દરમિયાન એટલે કે જુનથી સપ્ટેમ્બરના ગાવા દરમિયાન ૧૦૨ ટકા વરસાદ પડી શકે છે. જે ૯૬-૧૦૪ ટકા વચ્ચેના નોર્મલ રેજ કરતા વધારે છે. મોનસુન ૨૭મી મેના દિવસે બેસી જાય તેવી શક્યતા છે. ચોમાસુ ક્યારે બેસી જશે તેને લઈને અટકળો ચાલી રહી છે. મોનસુન પહેલા પણ દેશમાં વરસાદ પડી શકે છે. કમોસમી વરસાદનો દોર મે સુધી જારી રહી શકે છે. સંસ્થાએ ઉત્તર ભારત માટે પણ ગુલાબી ચિત્ર રજૂ કર્યું છે. ઉત્તર ભારતને અનાજ ભંડાર તરીકે ગણવામાંઆવે છે. પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં સારો મોનસુન વરસાદ થઈ શકે છે. ઉનાળા દરમિયાન અલનીનોની અસર રહી શકે છે તેવી વાત આંતરરાષ્ટ્રીય સંસ્થાએ કરી હોવા છતાં સારુ ચિત્ર રજૂ કરવામાં આવ્યુ છે. સ્કાયમેટની આગાહી ખુબ સારા સમાચાર તરીકે છે.મોનસુનને લઈને સરકાર પણ ગણતરી કરી રહી છે. ગયા વર્ષે એપ્રિલની આગાહીમાં સ્કાયમેટે ૨૦૧૪ મોનસુન દરમિયાન ૯૪ ટકા વરસાદની આગાહી કરી હતી ત્યારબાદ આ આંકડો સુધારીને જુનમાં ૯૧ ટકા કર્યો હતો. એપ્રિલમાં આઈએમડીની જે આગાહી હતી તેની સરખામણીમાં સ્કાયમેટની આગાહી પણ એકસમાન રહી હતી. આઈએમડીએ જૂનમાં આંકડો સુધારીને આંકડો ૯૩ ટકા કર્યો હતો જ્યારે સ્કાયમેટે આંકડો સુધારીને ૯૧ ટકા કર્યો હતો. ચોમાસાની સિઝનની હંમેશા ખેડૂત સમુદાય અને સરકાર રાહ જુએ છે.

પાસવાન વડાપ્રધાનની મંજૂરી મેળવે તેવી શક્યતા

ખાંડ ઉદ્યોગને રાહત પેકેજ મળે તેવી પ્રબળ સંભાવના

નવી દિલ્હી,તા. ૧૭

દેશમાં ખાંડ ઉદ્યોગને રાહત પેકેજ મળે તેવી શક્યતા છે. ખાંડ ઉદ્યોગ સામે પણ હાલમાં નાણાંકીય તકલીફ જોવા મળી રહી છે. જેના પરિણામસ્વરૂપે રાહત પેકેજ અપાય તેવી શક્યતા છે. ખેડુતોના પ્રતિનિધીઓ દ્વારા આ મુજબની માંગ કરવામાં આવ્યા બાદ સરકાર રાહત પેકેજ જાહેર કરી શકે છે. કેન્દ્રિય ખાદ્યાન પ્રધાન રામ વિલાસ પાસવાન ટુંક સમયમાં આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને પેકેજને મંજૂરી આપવા રજૂઆત કરી શકે છે. અંતિમ મંજૂરી માટે વડાપ્રધાન સમક્ષ આને રજૂ કરવામાં આવનાર છે. રસપ્રદ બાબત એ છે કે છેલ્લા બે દિવસમાં ખેડુતો અને રાજ્ય સરકારો દ્વારા આ મામલો ઉઠાવવામાં આવી ચુક્યો છે. સરકાર કેટલાક નવા પગલા લેવા જઈ રહી છે જેના ભાગરૂપે ૩૦ લાખ ટન ખાંડના બફર સ્ટોકની રચના કરવામાં આવનાર છે. દર મહિને મિલરો દ્વારા જારી કરવામાં આવનાર કાંડના જથ્થા પર અંકુશ રાખવામાં આવશે. સાથે સાથે માત્ર ખાંડના બદલે ઈથેનોલના ઉત્પાદન પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. ખાંડ આયાત ડ્યુટી ૪૦ ટકા કરવામાં આવનાર છે. ખેડુતોને સીધી રીતે લાભ મળે તેવા આયોજન કરવામાં આવી રહ્યા છે. પાસવાન રાહત પેકેજ આપવાને લઈને આશાવાદી દેખાઈ રહ્યા છે.

જયલલિતાના જામીન લંબાવાયા

નવી દિલ્હી,તા. ૧૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે અપ્રમાણ સંપત્તિ કેસમાં અપરાધી જાહેર થયેલા અને વિવાદોનો સામનો કરી રહેલા તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના જામીનને આજે વધુ લંબાવી દીધા હતા. આની સાથે જયલલિતાને રાહત થઈ છે. સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા આ મુજબનો આદેશ આજે જારી કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા આ મુજબનો આદેશ જારી કરાયો હતો. દત્તુએ જયલલિતા અને અન્યોના જામીનને ૧૨મી મે સુધી લંબાવી દીધા હતા. સુપ્રીમ કોર્ટે અપ્રમાણ સંપત્તિ કેસમાં તેમને અપરાધી ઠેરવવા સામે જયલલિતાની અરજીનો નિકાલ લાવવા કર્ણાટક હાઈકોર્ટના જજને ૧૨મી મે સુધીની મહેતલ આપી છે. હાઈકોર્ટના જજ જયલલિતાની

અરજીના નિકાલ માટે સમય લંબાવવા માટેની માંગણી કરી શકે છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલા મામલાને લઈને વધુ સમય માંગી શકાય છે. ૧૫મી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે, કેટલાક મહત્વપૂર્ણ પાસાઓ ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. જસ્ટિસ મદન બી લાકોરે કહ્યું હતું કે, આ ખુબ જ આશ્ચર્યજનક સ્થિતિ રહી છે. ૧૭મી ઓક્ટોબરના દિવસે સુપ્રીમ કોર્ટે જયલલિતાને જામીન મંજુર કર્યા હતા. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટે જયલલિતાને જેલ હવાલે કરી દીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૭મી ઓક્ટોબરના દિવસે આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના મામલામાં બેંગ્લોરની જેલમાં રહેલા અન્નાદ્રમુકના નેતા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને શરતી જામીન મળ્યા હતા. આ ઉપરાંત તેમના નજીકના સખી શશીકલાને પણ જામીન મળ્યા હતા. તેમના સંબંધી વી સુધારકરન અને ઈલા વરાસીને પણ જામીન મળી ગયા હતા. સ્પેશિયલ કોર્ટ તરફથી દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ જયલલિતાને ચાર વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સજા બાદ કર્ણાટક હાઈકોર્ટે જયલલિતાને જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ જયલલિતાએ નવમી ઓક્ટોબરના દિવસે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે આ અરજીનો નિકાલ લાવવા માટે ઈન્કાર કર્યો હતો. જયલલિતા ૨૭મી સપ્ટેમ્બરથી જેલમાં હતા. ૧૭મી ઓક્ટોબરના દિવસે અગાઉ સુનાવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયલલિતા અને અન્યોને ભ્રષ્ટાચારના કેસમાં સજા ફટકારવામાં આવી હતી. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતા અને અન્યોને ૬૬.૬૫ કરોડના અપ્રમાણ સંપત્તિ કેસમાં દોષિત ઠેરવીને ચાર વર્ષની સજા કરાઈ હતી.

મોદી સહિત ચાર ભારતીય ટાઈમની યાદીમાં સામેલ છે

લંડન,તા. ૧૭

વર્લ્ડમાં સૌથી પ્રભાવશાળી ૧૦૦ લોકોની યાદીમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ત્રણ ભારતીય સામેલ છે. ટાઈમ મેગેઝીનની ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં મોદી ઉપરાંત આઈસીઆઈસીઆઈના મેનેજિંગ ડિરેક્ટર અને ચંદા કોચર અને માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નાડેલા પણ સામેલ છે. મેન્ટલ હેલ્થ નિષ્ણાંત વિક્રમ પટેલ પણ યાદીમાં સામેલ છે. ભારતીય મૂળના લોકોની યાદીમાં આ ચાર ખુબ લોકપ્રિય તરીકે ઉભરી આવ્યા છે. બ્રિટનમાં અભ્યાસમાં સામેલ અને શિક્ષણ આપી રહેલા પટેલ પણ છવાઈ ગયા છે.ચંદા કોચર પણ યાદીમાં સામેલ છે. પટેલે માહિતી આપતા કહ્યું છે કે મોટા ભાગના લોકો જે માનસિક વિકાર અને માનસિક તકલીફ ધરાવે છે તેઓ સારવાર તરફ ધ્યાન આપતા નથી. ભારતમાં આ દિશામાં વધારે પહેલ કરવાની જરૂર છે. ભારતમાં આત્મહત્યા અંગે પટેલ દ્વારા સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેઓએ વર્ષ ૨૦૧૦માં ચોંકાવનારા તારણ શોધી કાઢ્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે તમિળનાડુ, કર્ણાટક અને કેરળમાં કેટલાક પરિબળો જવાબદાર છે. દેશની વસ્તી પૈકી આત્મહત્યાના પ્રમાણમાં પુરૂષોની સંખ્યા મહિલાઓ કરતા વધારે રહેલી છે. માનસિક આરોગ્યની સમસ્યા પણ આના માટે કેટલાક અંશે જવાબદાર છે. દેશના કેટલાક ભાગોમાં આત્મહત્યા માટે જુદા જુદા પરિબળો હમેંશા કામ કરે છે. જેમાં નાણાંકીય બાબત ઉપયોગી છે.

તીસહજારી કોર્ટ સંકુલમાં વકીલ મૃત મળી આવ્યા

નવી દિલ્હી,તા. ૧૭

પાટનગર દિલ્હીમાં તીસહજારી કોર્ટ સંકુલમાં એક વકીલ આજે મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ૪૦ વર્ષીય રાજીવ શર્માના

માથાના ભાગમાં ઈજાના ઘા સાથે મળી આવ્યા હતા. ટી બ્લોક લોયર્સ ચેમ્બર નજીક તેઓ મળી આવ્યા હતા. આ સંબંધમાં પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. આ બંને શખ્સો અહીં જ કામ કરનાર હોવાનું જાણવા મળ્યું છે. વકીલની હત્યા તરફ દોરી જનાર ઘટનાક્રમમાં હવે પુછપરછ કરવામાં આવી રહી છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ મધુર વર્માએ કહ્યું છે કે, જે લોકોની ધરપકડ સાથે આ કેસ ઉકેલી લેવામાં આવ્યો છે. શર્માની હત્યા કરવામાં આવી છે. આના માટે ઘાતક હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉત્તર દિલ્હીના રોહિણીમાં સેક્ટર ૧૬માં રહેતા રાજીવ શર્મા હિમચાલ પ્રદેશના હતા. તેમના માથાના ભાગમાં ઈજા થયેલી હતી. હત્યાનો કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ચેમ્બર નંબર ૩૦થી ૨૦ મીટરના અંતરે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ઝડપાયેલા બંને શખ્સોની પ્રાથમિકત પુછપરછ હાલમાં ચાલી રહી છે.

મસરત અને ગિલાની અંતે નજરકેદમાં : હિંસા ભડકી

શ્રીનગર,તા. ૧૭

કેન્દ્ર સરકારે જોરદાર દબાણ વધારી દીધા બાદ ધારણા પ્રમાણે જ અલગતાવાદી કટ્ટરપંથી નેતા સૈયદ અલી સાહ ગિલાની અને મસરત આલમની ધરપકડ કરીને તેમને નજર કેદમાં પકડી લેવામાં આવ્યા હતા. જો કે, તેમને નજરકેદમાં પકડી લેવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હિંસા ભડકી ઉઠી હતી. હિંસક અથડામણમાં પોલીસ જવાન સહિત ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. મસરત અને ગિલાનીને નજરકેદમાં પકડી લેવામાં આવ્યા બાદ મિરવાઈઝ ઉંમર ફારુકના નેતૃત્વમાં દેખાવકારોએ ત્રાલ તરફ આગેકૂચ કરી હતી. આર્મીઓપરેશનમાં યુવાનાના મોત સામેના વિરોધમાં આ દેખાવો થઈ રહ્યા છે. સ્થાનિક લોકોએ દાવો કર્યો છે કે, મૃત્યુ પામેલ વ્યક્તિ આતંકવાદી નહીં બલ્કે નાગરિક હતો. સ્થિતિ વણસી જતા પોલીસે સૌથી પહેલા લાઠીચાર્જ કર્યો હતો ત્યારબાદ ટીયરગેસના સેલ છોડ્યા હતા. દેખાવકારોએ પોલીસ ઉપર જોરદાર પથ્થરમારો કર્યો હતો. બીજી બાજુ મિરવાઈઝે ત્રાલ એન્કાઉન્ટરમાં તપાસની માંગ કરી છે. સાથે સાથે એએફએસપીએને પરત ખેંચી લેવાની માંગણી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે

કે, મસરત અને ગિલાનીની ધરપકડના કારણે ફરીએકવાર વિસ્ફોટક સ્થિતી ઉભી થઈ ગઈ છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બન્ને નેતાઓ ગુરૂવાર મોડી રાત્રેથી જ નજર કેદમાં છે. આજે દક્ષિણ કાશ્મીરમાં ત્રાલ ખાતે રેલીમાં ભાગ લે તે પહેલા બન્ને નેતાઓને નજર કેદમાં લઈ લેવામાં આવ્યા હતા. જેથી તેમના સમર્થકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. બુધવારના દિવસે આલમની રેલીમાં પાકિસ્તાની ધ્વજ લહેરાવવા અને પાકિસ્તાની તરફી નારાબાજી બાદ આ પગલુ લેવામાં આવ્યું હતું. રેલીનો લહેરાવવા બાદ અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવાને લઈને જોરદાર હોબાળો માત્ર જમ્મુ કાશ્મીરમાં જ નહી બલ્કે દેશના જુદા જુદા ભાગોમાં મચી ગયો હતો. આ કટ્ટરપંથી સામે કઠોર પગલા લેવાની માંગણી કરવામાં આવી હતી. મોદી સરકાર પર પણ દબાણ વધી ગયું હતુ. જેના કારણે મોદી સરકારે ગઈકાલે જ જમ્મુ કાશ્મીર સરકારને કઠોર પગલા લેવા માટે સ્પષ્ટ સુચના આપી હતી.કટ્ટરપંથી નેતા મસરત અલમ સામે કઠોર પગલા લેવા જમ્મુ કાશ્મીર સરકાર ઉપર કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો દ્વારા દબાણ વધારવામાં આવ્યું હતુ. કેન્દ્ર સરકાર ઉપર પણ દબાણ વધી ગયું હતુ. બુધવારે લાલ ચોકમાં રેલી દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કટ્ટરપંથીઓના પગલા બાદ મસરતની ફરી ધરપકડના ભણકારા વાગી રહ્યા હતા. કારણ કે કેન્દ્ર સરકારે શ્રીનગરના પરા વિસ્તારમાં મસરત દ્વારા આયોજિત રેલી દરમિયાન ભારત વિરોધી પ્રવૃત્તિમાં સામેલ રહેલા તમામ લોકો સામે કઠોર પગલા લેવા જમ્મુ કાશ્મીર સરકારને આદેશ આપી દીધો હતો. પાંચ વર્ષના ગાળા બાદ જમ્મુ કાશ્મીર સરકારે રેલી યોજવા ગિલાનીને મંજુરી આપી હતી. જ્યાં મસરત અલમ અને તેમના સમર્થકોએ પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કર્યા હતા અને પાકિસ્તાની ધ્વજ લહેરાવ્યા હતા.

નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઘટીને ૮૬૦૬ની નીચી સપાટી પર

મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ રહ્યું હતું. ટીસીએસે અપેક્ષા કરતા ઓછા રેવન્યુ ગ્રોથના આંકડા જારી કર્યા બાદ બજારમાં અફડાતફડી રહી છે. સેંસેક્સ ૨૨૪ પોઈન્ટ ઘટીને ૨૮૪૪૨ની સપાટીએ રહ્યો છે જ્યારે નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઘટીને ૮૬૦૬ની સપાટીએ રહ્યો હતો. મૂડીરોકાણકારો તેમની સ્થિતિ બદલી રહ્યા છે. મોટી કંપનીઓના ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા એકંદરે સાવધાની જોવા મળી રહી છે. બ્રોડર માર્કેટમાં પણ આજે મંદી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. મિડકેપમાં બે ટકા અને સ્મોલકેપમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો ઈક્વિટીમાં નેટ સેલર તરીકે રહ્યા છે. ૨૧૪ કરોડની કિંમતના શેર વિદેશી રોકાણકારો દ્વારા વેચી દેવામાં આવ્યા છે. આઈટી, હેલ્થકેર, બેંકેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. આ તમામમાં ૧.૬-૩ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે મેટલમાં ૧.૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સનફાર્માના શેરમાં ૪.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મેટલના શેરમાં પણ નબળો પ્રવાહ જોવા મળ્યો છે. એશિયન બજારમાં આજે ચીન સિવાય મંદી જોવા મળી હતી. જાપાનના શેરમાં મંદી રહી હતી. બેંચમાર્ક નિક્કીમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે સિંગાપોરના સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ચીનમાં સાત વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. શેરબજારમાં એકંદરે મંદી રહેતા કારોબારીઓ હાલ દિશાહિન દેખાઈ રહ્યા છે. ટીસીએસના શેરમાં આજે ચાર ટકાનો ઘટાડો અને લુપીનમાં સાત ટકાનો ઘટાડો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત બીજા સેશનમાં જોરદાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ગુરુવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૩૪ પોઈન્ટ ઘટીને ૨૮૬૬૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૪ પોઈન્ટ ઘટીને ૮૭૦૭ની સપાટીએ રહ્યો હતો. આઈટી અને હેલ્થકેરના શેરમાં સૌથી વધુ નુકસાન જોવા મળ્યું હતું. ગઈકાલે સેક્ટરલ મોરચે વાત કરવામાં આવે તો હેલ્થકેર, રિયાલીટી, કેપિટલ ગુડ્ઝ, આઈટીમાં બે ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો.

યાત્રાના છેલ્લા દિવસે લક્ષ્મી નારાયણ મંદિર અને ગુરુદ્વારામાં ગયા

મોદી ત્રણ દેશોની યાત્રા પૂર્ણ કરી સ્વદેશ રવાના

નવીદિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાને સમેટી લીધી હતી અને સ્વદેશ આવવા માટે રવાના થયા હતા. કેનેડિયન શહેર વાનકુવરથી મોદી સ્વદેશ માટે રવાના થયા હતા. મોદી ત્રણ દેશોની યાત્રા દરમિયાન સૌથી પહેલા ફ્રાંસ ત્યારબાદ જર્મની અને અંતે કેનેડામાં પહોંચ્યા હતા જ્યાં જુદા જુદા કાર્યક્રમોમાં જોડાયા હતા. સર્વોચ્ચસ્તરે વાતચીત કરી હતી. શ્રેણીબદ્ધ સમજૂતિઓ પણ કરી હતી. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો આ યાત્રાથી વધુ મજબૂત થશે તેમ તેમની યાત્રાને સમેટતા મોદીએ કહ્યું હતું. સંપૂર્ણ સંતોષ સાથે તેઓ કેનેડાથી રવાના થઈ રહ્યા છે. કેનેડાના લોકોનો પણ મોદીએ આભાર માન્યો હતો. મોદીએ ૯મી એપ્રિલે ફ્રાંસથી તેમની નવ દિવસની યાત્રા શરૂ કરી હતી. ત્યારબાદ તેઓ જર્મની ગયા હતા ત્યાંથી તેઓ કેનેડા ગયા હતા. તેઓ કેનેડામાં ઓટ્ટાવા, ટોરેન્ટો અને વાનકુવરમાં ગયા હતા. ભારત પરત ફરતી વેળા મોદી ફ્રેન્કફુટમાં રોકાણ કરશે. ૩૬ રાફેલ તૈયાર વિમાનોની ખરીદીની જાહેરાત કરવામાં આવી છે. ફ્રાંસ પાસેથી આ વિમાનો ખરીદાશે. કેનેડા પાસેથી પાંચ વર્ષ

માટે યુરેનિયમનો પુરવઠો મળશે. જર્મનીની કંપનીઓ મેક ઈન ઈન્ડિયામાં ભાગ લેશે. તેમની યાત્રાના ઘણા મહત્વના પાસા રહ્યા છે. આજે સવારે ટોરેન્ટોમાં તમામ લોકોને રોમાંચિત કરી દીધા બાદ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે તેમના કેનેડા પ્રવાસના અંતિમ તબક્કામાં લક્ષ્મી નારાયણ મંદિર અને ગુરૂદ્વારા ખાતે દર્શન માટે પહોંચ્યા હતા. તેમની સાથે કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પર પણ હતા. જે સાબિત કરે છે કે કેનેડા સાથે ભારતના સંબંધો કેટલાક મજબુત છે. વાનકુવરમાં ખાલસા દિવાન સોસાયટીના શિક ગુરૂદ્વારા ખાતે પહોંચ્યા બાદ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદી અહીં પહોંચનાર ત્રીજા ભારતીય વડાપ્રધાન બન્યા છે. અગાઉ ૧૯૪૯માં નહેરુ અને ૪૨ વર્ષ અગાઉ ઈન્દિરા ગાંધીએ અહીંની મુલાકાત લીધી હતી. ગુરૂદ્વારામાં શ્રદ્ધાળુઓ સાથે વાત કરતા મોદીએ કહ્યું હતું કે આપની સાથે મારા સંબંધ ખુનના સંબંધ છે. મોડેથી મોદી મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના અંતિમ તબક્કામાં કેનેડામાં પણ ગઈકાલે જોરદાર રંગ જમાવ્યો છે. મોદીએ આજે ગુરુદ્વારા અને મંદિરમાં દર્શન કર્યા બાદ કહ્યું હતું કે, હિન્દુ લાભ એક ધર્મ નથી બલ્કે જીવનનો એક રસ્તો છે.

કેજરીવાલ સામે બદનક્ષી કેસમાં કાર્યવાહી ઉપર સ્ટે

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ફોજદારી બદનક્ષીની કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે આજે સ્ટે મુકી દીધો હતો. બદનક્ષીના આક્ષેપો કરવા બદલ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને સુરેન્દ્ર શર્મા દ્વારા કેજરીવાલ સામે કેસ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ દીપક મિશ્રાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટે કાર્યવાહીને સસ્પેન્ડ કરી દીધી છે. સાથે સાથે કેજરીવાલની અરજી ઉપર કેન્દ્ર સરકારને નોટિસ આપી છે. બદનક્ષીની કાર્યવાહીમાં કોઈ ફોજદારી પગલા લેવા જોઈએ નહીં તેવી અપીલ અરજીમાં કરાઈ છે. કેન્દ્ર સરકારને નોટિસ જારી કરતા કોર્ટે કેજરીવાલની અરજીની નોંધ લીધી છે.

અરવિંદ કેજરીવાલ હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી તરીકે છે. દિલ્હીમાં થોડાક સમય પહેલા જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટી એએપીએ જોરદાર સપાટો બોલાવી ૬૭ બેઠકો આંચકી લીધી હતી. કોંગ્રેસને એક પણ બેઠક હાથ લાગી ન હતી. ત્યારબાદ કેજરીવાલ મુખ્યમંત્રી બન્યા હતા.

જન્મના પ્રથમ દિવસે ભારતમાં સૌથી વધુ શિશુના મોતઃ રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૭

તાજેતરમાં જ જારી કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે અન્ય કોઈપણ દેશની સરખામણીમાં ભારતમાં જન્મના પ્રથમ દિવસે નવજાત શિશુના મોત વધારે થાય છે. નવા જ રિપોર્ટમાં આ મુજબનું ચિંતાજનક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. આમા જણાવવામાં આવ્યું છે કે ભારતમાં દર વર્ષે ૩૦૯૩૦૦ બાળકોના મોત થઈ જાય છે. આ નવજાત શિશુ પ્રથમ દિવસે જ મૃત્યુ પામે છે. વિશ્વમાં નવજાત શિશુના પ્રથમ દિવસે મોતમાં આ હિસ્સેદારી ૨૯ ટકાની આસપાસની છે. હાઈજીંન, જન્મના વખતે આરોગ્યની તકલીફ, અન્ય ખામીઓ અને બિમારીઓના કારણે જન્મના પ્રથમ દિવસે જ નવજાત શિશુના મોત થઈ જાય છે. વૈશ્વિક રીતે પ્રસુતિવેળા અને નવજાત શિશુના જન્મ બાદ મોતના મામલામાં ભારત વિશ્વમાં સૌથી વધારે આંકડો ધરાવે છે. અમેરિકા સ્થિત સેવ દ ચિલ્ડ્રન દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં સ્થિતિને સુધારવાની હજુ પણ જરૂર છે. ભારત કરતા વધારે વસ્તી ધરાવનાર ચીન યાદીમાં ચોથા સ્થાન ઉપર છે. ૧૭૬ દેશોની યાદી આમા જારી કરવામાં આવી છે. પ્રથમ દિવસે જ નવજાત શિશુના મોતના મામલામાં વિશ્વમાં ચીનની હિસ્સેદારી પાંચ ટકાની આસપાસની છે. માત્ર ૧૦ દેશોમાં જન્મના પ્રથમ દિવસે જ આશરે બે તૃતીયાંશ બાળકોના મોત થઈ જાય છે. મોટાભાગના આ દેશો ખૂબ વધારે વસ્તી ધરાવતા દેશો છે જેમાં ભારત, ચીન, ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને નાઈઝિરિયા તથા ઈથીઓપિયા જેવા દેશો પણ આમા સામેલ છે.

વિકાસશીલ દેશોમાં જન્મના પ્રથમ દિવસે જ મોતનો આંકડો વધારે દેખાઈ રહ્યા છે. દક્ષિણ એશિયા ખૂબ જ સંવેદનશીલ છે. કારણ કે આ ક્ષેત્રમાં પ્રતિ ૧૦૦૦૦ લોકોમાં માત્ર ૧૪ ડૉક્ટર અને નર્સ છે. અન્ય કારણોમાં જન્મના નિર્ધારિત સમય કરતા પહેલા ડિલીવરી જન્મ વેળા ઓછા વજન પણ જવાબદાર છે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૨૮ ટકા નવજાત શિશુ ઓછા વજન સાથે જન્મે છે. ભારત, બાંગ્લાદેશ અને નેપાળમાં આશરે ૧૩ ટકા મહિલાઓ એવી છે જે નાના કદના બાળકોને જન્મ આપે છે.

આ દેશોમાં ૨૦થી ૪૦ ટકા મહિલાઓ આરોગ્યની રીતે નબળી હોય છે. વહેલી તકે લગ્ન અને બાળકોને સાચવવાની પૂરતી જવાબદારી નહીં હોવાના કારણે પણ બાળકોમાં જોખમ રહે છે.